દેશના લોકો નરેન્દ્ર મોદીની રાહ જોઇ રહ્યા છે : સંઘ

નવી દિલ્હી,તા. ૧૫

ભાજપમાં વડાપ્રધાનપદના દાવેદારોમાં જોરદાર સ્પર્ધા ચાલી રહી છે ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે (આરએસએસ)સંપૂર્ણપણે નરેન્દ્ર મોદીને ટેકો આપીને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો છે. સંઘનું કહેવુ છે કે ગુજરાત રમખાણોના મામલે ખાસ તપાસ ટીમે(એસઆઇટી) નરેન્દ્ર મોદીને ક્લીન ચીટ આપી દીધા બાદ હવે મોદીને વધારે અગ્નિ પરીક્ષા આપવાની કોઇ જરૂર નથી. સંઘે કહ્યું છે કે દેશના લોકો નરેન્દ્ર મોદીની રાહ જોઇ રહ્યા છે. નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય રાજકારણમાં આવે તેવી રજૂઆત સંઘે કરી દીધી છે. સંઘના મુખપત્રપાંચજન્યના તંત્રી લેખમાં કહેવામાં આવ્યું છે કે ગુજરાત રમખાણો દરમિયાન અમદાવાદના ગુલબર્ગ સોસાયટીમાં ૬૯ લોકોને જીવતા સળગાવી દેવાની ઘટનાના મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી એસઆઇટી દ્વારા સુપ્રત કરવામાં આવનેલા અહેવાલમાં મોદી સહિત ૬૨ લોકોને ક્લીન ચીટ આપવામાં આવ્યા બાદ મોદીનો વિરોધ કરી રહેલા તમામ લોકોને

ફટકો છે. મોદી વિરોધી લોકો છેલ્લા દસ વર્ષથી બોગસ અને ખોટા આરોપો કરીને મોદીની પ્રતિષ્ઠાને ખરાબ કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની જોરદાર ઝાટકણી કાઢતા આમાં જણાવવામાં આવ્યું છે કે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંદીએ એક વખતે મોદીને મોતના સોદાગર તરીકે ગણાવ્યા હતા પરંતુ આજે કોંગ્રેસને જ આ નિવેદનની અસર થઇ રહી છે. તાજેતરમાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં દેશના વડાપ્રધાન તરીકે મોદીને ૨૪ ટકા લોકોએ પસંદ કર્યા હતા જ્યારે કોંગ્રેસના તારણહાર ગણાતા રાહુલ ગાંધીને માત્ર ૧૭ ટકા લોકોએ પસંદ કર્યા હતા. મુસ્લિમ સમુદાયના લોકોમાં પણ મોદીની લોકપ્રિયતા વધી રહી છે. આમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકાના લોકપ્રિય મેગેઝીન ટાઇમ પણ મોદીને ભારતના આગામી વડાપ્રધાન તરીકે નિહાળે છે. હવેદેશના લોકો ગુજરાતની બહાર મોદીની રાષ્ટ્રીય ભૂમિકાની રાહ જોઇ રહ્યા છે. સંઘના મુખપત્રમાં કહેવામાં આવ્યું છે કે ટાઇમ મેગેઝીને મોદીની કામગીરીની ભારે પ્રશંસા કરી છે. મોદીના કામકાજ પર કવર સ્ટોરી પ્રકાશિત કરવામાં આવી છે. સાથે સાથે મોદીને દુનિયાની ટોચની હસ્તીઓમાં સ્થાન આપવાની બાબત પણ તેમની કુશળતાની સાબિતી આપે છે. મોદીની મુસ્લિમ વિરોધી છાપ ઉભી કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ આ પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ગુજરાતના રમખાણોના સમય મોદીને રાજધર્મ અદા કરવાની સલાહ આપી હતી અલબત્ત આમાં કહેવામાં આવ્યું છે કે ખોટા પ્રચાર કરવામાં આવ્યા હોવા છતાં મોદીએ ગુજરાતમાં સર્વોંગી વિકાસ કરીને તેમની ફરજ સારી રીતે અદા કરી રહ્યા છે.

નિર્મળ બાબાએ દાનની રકમથી હોટેલ ખરીદી

નવી દિલ્હી,તા. ૧૫

નિર્મળજીત સિંહ નરુલા ઉર્ફે નિર્મળ બાબાની એક પછી એક નવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી રહી છે. હવે એક એવી બાબત સપાટી પર આવી છે કે હાલમાં નિર્મળ બાબાએ તેમના ભક્તો તરફથી મળેલ દાનની રકમથી હોટેલની ખરીદી કરેલી છે. નિર્મળ બાબાની લોકપ્રિયતાને દિનપ્રતિદિન ફટકો પડી રહ્યો છે. તેમના શ્રદ્ધાળુઓની સંખ્યા ઘટી રહી છે. તેમની સંપત્તી અંગે મિડિયામાં અહેવાલ આવ્યા બાદ બાબાની લોકપ્રિયતા ઉલ્લેખનીય રીતે ઘટી રહી છે. ઝારખંડ સ્થિત હિન્દી અખબારે કહ્યું છે કે, દિલ્હીની ગ્રેટર કૈલાશમાં હોટેલની ખરીદી ૩૦ કરોડ રૂપિયામાં કરવામાં આવી છે. આ અખબારે દાવો કર્યોછે કે ગોડમેને બાબાના ભક્તો દ્વારા આપવામાં આવેલી દાનની રકમનો ઉપયોગ કરીને આ હોટલ ખરીદી છે.

આજે આંતરિક સુરક્ષાના મામલે અતિ મહત્વપૂર્ણ બેઠક

નવી દિલ્હી,તા. ૧૫

આંતરિક સુરક્ષાના મામલે અતિ મહત્વપૂર્ણ બેઠક આવતીકાલે યોજાનાર છે. આંતરિક સુરક્ષા અંગે મુખ્યપ્રધાનોની બેઠકમાંથી પશ્ચિમ બંગાળના મુખ્યપ્રદાન ખસી જતા યુપીએ સરકારની ચિંતા વધી ગઇ છે. યુપીએના મુખ્યઘટક પૈકીના એક તરીકે તૃણમૂળ કોંગ્રેસને ગણવામાં આવે છે. જુદા જુદા મામલાઓને લઇને મમતા બેનર્જી ભારે નારાજ દેખાઇ રહ્યા છે. બીજી બાજુ આવતીકાળે મળનારી બેઠકમાં તમામ રાજયોના મુખ્યપ્રધાનો વડાપ્રધાનના નેતૃત્વમાં મળનારી બેઠકમાં જોરદાર રજૂઆત કરવાના મુડમાં દેખાઇ રહ્યા છે. આવતીકાલની બેઠકને લઇને પહેલાથી જ ભારે ચર્ચા રહી છે. જો કે તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતા બેઠકમાં હાજરી આપવા સહમત થઇ ગયા છે. મળેલી માહિતી મુજબ બેઠકમાં આંતરિક સુરક્ષા ઉપરાંત ભારે ચર્ચા જગાવનાર નેશનલ સેન્ટલ્ ફોર કાઉન્ટર ટેરેરિઝમનો મામલો પણ છવાશે. તમિળનાડુ સરકાર દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે જયલલિતા ૧ ૬મી એપ્રિલના દિવસે સવારે રવાના થશે અને બેઠક પહેલા પહોંચી જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મમતા ઉપરાંત અનેક રાજયોના મુખ્યપ્રધાનોએ નેશનલ સેન્ટર ફોર કાઉન્ટર ટેરેરીઝમનો જોરદાર વિરોધ કર્યો હતો આમાં રહેલી જોગવાઇ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. આવતીકાલની બેઠકમાં એનસીટીસીના મામલે અલગ રીતે બેઠક બોલવવા માટે પણ રજૂઆત કરવામાં આવસે. જયલલિતા, મમતા અને ઓરિસ્સાના મુખ્યપ્રધાન નવિન પટનાઇકે એનસીટીની રચનાનો વિરોધ કરીને સાફ શબ્દોમાં કહ્યું હતું કે આના કારણે રાજયોના અધિકારોને ફટકો પડશે. ગુજરાતના મુખ્યપ્રદાન નરેન્દ્ર મોદીએ પણ આનો વિરોધ કર્યો હતો.

કેન્દ્ર સરકારે પણ ગયા સપ્તાહમાં રાજયોના મુખ્યપ્રધાનોની માંગ સમક્ષ ઝુંકી જઇને એનસીટીસીના મામલે એક અલગ બેઠક બેઠક બોલાવવા તૈયારી બતાવી હતી. કેન્દ્રિય ગૃહપ્રધાન પી. ચિમ્મ્બરમે કહ્યું હતું કે રાજયોની દરેક ગેરસમજને દુર કરવામાં આવશે.કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચે પણ એનસીટીસીના મામલે જોરદાર ખેચતાણ રહી છે. બન્નેએ પોત પોતાની સ્થિતી સ્પષ્ટ પણ કરી છે. આવતીકાલની બેઠક પર હવે નજર કેન્દ્રિત થઇ ગઇ છે.

બીજેડી ધારાસભ્ય હિક્કાના ભાવિને લઇને હજુ સસ્પેન્સ

નવી દિલ્હી,તા. ૧૫

બીજેડીના ધારાસભ્ય ઝીણા હિક્કાને બાનમાં પકડી રાખનાર માઓવાદીઓએ આજે બીજેડીના આ ધારાસભ્યને છોડી મુકવા માટે સમયમર્યાદા વધારી દીધી હતી. સમયમર્યાદા વધારીને ૧ ૮મી એપ્રિલ કરી દેવામાં આવી છે. એક સંદેશમાં માઓવાદીઓના આઝ ઓરિસ્સા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટીના નેતાએ હવે ૧ ૮મી એપ્રિલ સુધીની મહેતલ સરકારને આપી છે. કોરાપુત સ્થિત વકીલ નિહાર સહિત ૨૯ બળવાખોરોને છોડી મુકવા માટેની મહેતલ લંબાવી દેતા સરકારને થોડાક સમય મળી ગયો છે. આદિવાસી ધારાસભ્યની મુક્તિ માટે ૩૦ કેદીઓને છોડી મુકવાની માંગણી અગાઉ માઓવાદીઓએ કરી હતી. વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે ઓરિસ્સા સરકારે માઓવાદી દ્વારા કરવામાં આવેલી નવી માંગ અને મહેતલના સંબંધમાં કોઇ વાત કરી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે કોરાપુતમાં ૨ ૪મી માર્ચના દિવસે માઓવાદીઓએ હિક્કાનું અપહરણ કરી લીધુ હતું. ત્યારબાદથી હિક્કા બળવાખોરોના બાનમાં છે. બળવાખોરોએ બે ઇટાલિયનોના પણ અપહરણ કરી લીધા હતા પરંતુ તેમને મોડેથી મુક્ત કરવામાં આવ્યા હતા. ઓરિસ્સામાં માઓવાદી હજુ પણ સરકાર સામે અનેક વખત નવા પડકારો ઉભા કરી રહ્યા છે.

ત્રાસવાદીઓ તરફથી દેશમાં બોગસ નોટ ઘુસાડાઇ રહી છે

નવી દિલ્હી,તા. ૧૫

દેશની અર્થવ્યવસ્થાને અસ્થિર કરવાના ખતરનાક ઇરાદા સાથે દેશમાં પાકિસ્તાન તરફથી મોટા પાયે બોગસ નોટનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યોછે. ઇન્ટેલિજન્સ એજન્સી અને પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા દેશમાં આ નોટ ઘુસાડવામાં સક્રિય હોવાની ચોંકાવનારી માહિતી મળી છે. દિલ્હી પોલીસે હાલમાં એક નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. જે દરમિયાન મોટા પ્રમાણમાં બનાવટી નોટનો જથ્થો મળી આવ્યો હતો. દિલ્હી પોલીસે કોર્ટમાં કહ્યું હતું કે જાન્યુઆરી મહિનામાં ૧.૧૮ કરોડની બનાવટી નોટનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. મેટ્રોપોલિટન કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં પોલીસે

દાવો કર્યોહતો કે ૧ ૨મી જાન્યુઆરીના દિવસે બનાવટી નોટના જથ્થાની સાથે પાંચ ભારતીય લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પૂછપરછ કરવામાં આવતા અનેક બાબતોનો ખુલાસો થયો હતો. પશ્ચિમ દિલ્હીના વિસ્તારોમાં આ જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા તમામની ઓળખ કરી લેવામાં આવી છે. દિલ્હી પોલીસના ખાસ સેલે કહ્યુંહતું કે પાકિસ્તાન તરફથી ભારતમાં આ જથ્થો લવાયો હતો. અનેક પાનામાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં મોહમ્મદ ઇકબાલ ઉર્ફે કાનાનો મુખ્ય શકમંદ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ભારતમાં અનેક કેસોમાં વોન્ટેડ છે. ઇકબાલ હાલમાં છેલ્લા કેટલાક વર્ષથી પાકિસ્તાનમાં છુપાયેલો છે. તે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇ અને ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા તરફથી બનાવટી નોટ ઘુસાડવાના નેટર્કને ચલાવી રહ્યો છે.

કાશ્મીરમાં ફરી ભૂકંપનો હળવા આંચકો નોંધાયો

શ્રીનગર,તા. ૧૫

જમ્મુ કાશ્મીરમાં આજે સવારે ભૂકંપનો હળવો આંચકો નોંધાયો હતો. ધરતીકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૧ જેટલી નોંધાઇ હતી. આ આંચકાના કારણે લોકોમાં ભારે દહેશત ફેલાઇ ગઇ હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે કાશ્મીરમાં વહેલી પરોઢે ૨.૨૦ વાગે આ આંચકો આવ્યો હતો. લડાખ પ્રદેશમાં ભારત-ચીન સરહદ ખાતે તેનુ કેન્દ્ર હોવાનુ જાણવા મળી રહ્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે લડાખ અને ચીનના પ્રદેશ ઝિંગઝિયાંગ વચ્ચે સરહદ નજીક લેહથી ૨૦૯ કિલોમીટરના અંતરે આનું કેન્દ્ર નોંધાયું હતું. જો કે કાશ્મીર ખીણમાં આંચકાનો અનુભવ લોકોએ કર્યો ન હતો. જેથી સંબંધિતોમાં ભારે ચિંતા પ્રવર્તી રહી છે. ઇન્ડોનેશિયામાં પ્રચંડ ભૂકંપ બાદ દેશના અનેક ભાગોમાં આંચકો આવ્યો હતો ઉપરાંત ગઇકાલે પણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આંચકો આવ્યો હતો. આનો મતલબ એ થયો કે સતત બીજા દિવસે પ્રચંડ આંચકો આવ્યો હતો.

પાકિસ્તાની જેલ ઉપર હુમલો કરાયો : ૪૦૦ કેદી પલાયન

ઇસ્લામાબાદ,તા. ૧૫

પાકિસ્તાનની જેલ પર આજે વહેલી પરોઢે કટ્ટરપંથી ત્રાસવાદીઓએ ભીષણ હુમલો કરી દીધો હતો. આ હુમલો કરવામાં આવ્યા બાદ ૪૦૦ કેદી જેલમાંથી ફરાર થઇ ગયા હતા. કેદીઓને છોડાવવાના ઇરાદા સાથે ત્રાસવાદીઓ આ હુમલો કર્યો હતો. ફરાર થયેલા કેદીઓમાં કેટલાક ત્રાસવાદીઓનો પણ સમાવેશ થયા છે. અધિકારીઓએ આ દિલધડક બનાવ અંગે માહિતી આપતા કહ્યું છે કે આજે વહેલી પરોઢે આશરે ૧.૩૦ વાગે રોકેટ મારફતે છોડાતા ગ્રેનેડ સાથે જેલ પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. ડઝન જેટલા બંદુકધારીએ આ હુમલો કર્યો હતો. જે જેલ પર હુમલો કરવામાં આવ્યો હતો તે જેલ અફઘાનિસ્તાન સાથેની સરહદ પર સ્થિત છે. પાકિસ્તાનના આદિવાસી વિસ્તાર સાથે જોડાયેલા બન્નુ શહેરનજીક આ જેલ આવેલી છે. સમાચાર સંસ્થાએ માહિતી આપતા કહ્યુંહતું કે પાકિસ્તાનમાં સક્રિય ખતરનાક ત્રાસવાદી સંગઠન તાલિબાને આ હુમલો કર્યા હોવાની જવાબદારી સ્વાકારી લીધી છે. જો કે આને હજુ સુધી સમર્થન મળ્યું નથી. સુત્રોએ કહ્યું છે કે તાલિબાને હુમલો કર્યા બાદ દાવો કર્યો છે કે આહુમલો કરીને તેઓએ તેમના મોટી સંખ્યામાં સાથીઓને છોડાવી લીધા છે. છોડાવી લેવામાં આવેલા કેદીઓ તેમની નિર્ધારિત જગ્યાએ પણ પહોંચી ગયા છે. દરમિયાન બન્નુ જેલના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે તાલિબાની ત્રાસવાદીઓએ હુમલો કર્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હતી. આમાં ત્રણ પોલીસ જવાનો ઘાયલ થયા છે. જો કે આટલી મોટી સંખ્યામાં કેદીઓ કઇ રીતે ફરાર થયા તે સંબંધમાં પાકિસ્તાની તંત્રે કોઇ ખુલાસો કર્યો નથી. જેથી જેલની સુરક્ષાને લઇને નવા પ્રશ્ન ઉપસ્થિત થઇ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ગઇકાલે કહ્યું હતું કે તે પાકિસ્તાનમાં તેના ડ્રોન હુમલાઓને બંધ કરશે નહી. અમેરિકાના આ દાવા બાદ કટ્ટરપંથીઓમાં નારાજગી દેખાઇ રહી હતી. તાલિબાન ત્રાસવાદીઓએ તેમની હાજરી પુરવાર કરવા માટે આ હુમલો કર્યો છે. બીજી બાજુ આ હુમલાથી સાબિતી થાય છે કે પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં હજુ પણ તાલિબાની ત્રાસવાદીઓ અને અન્ય કટ્ટરપંથીઓ સક્રિય છે. જે વારંવાર હુમલા કરે છે.

યુરોપિયન માર્કેટ પર ફરીવાર સંકટનાં વાદળ : ભારત ચિંતિત

નવી દિલ્હી,તા.૧૫

યુરોપિયન માર્કેટમાં ફરી એકવાર સંકટના વાદળો છવાઈ ગયા છે. યુરોપિયન દેશો હાલમાં મંદીમાંથી બહાર નિકળવા જંગી પ્રમાણમાં લોન મેળવી રહ્યા છે. જેના કારણે તેમની હાલત કફોડી બનેલી છે. યુરોપના દેશો દેવામાં ડુબી જતા ભારત સામે પણ ખતરો રહેલો છે. મળેલી માહિતી મુજબ સ્પેનની નાણાકીય સંસ્થાઓએ માર્ચમાં આશરે ૪૧૭ અબજ ડોલરની લોન લીધી છે. સંસ્થાઓએ ફેબ્રુઆરીમાં આશરે ૨૦૦ અબજ ડોલરની લોન લીધી હતી. બજારમાં આ બાબતને લઈને દહેશત છે કે આટલા જંગી પ્રમાણમાં દેવાની ચુકવણી ફરી કઈ રીતે કરવામાં આવશે. કારણ કે યુરોપિયન દેશોની અર્થવ્યવસ્થા અને માર્કેટમાં સ્થિર સ્થિતિ થયેલી છે. વર્તમાન સમયમાં આર્થિક સંકટમાંથી બહાર નિકળવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો જોરદાર રીતે લોન લઈ રહ્યા છે. અમેરિકાનુંદેવું કુલ જીડીપીની દ્રષ્ટિએ ૧૦૦ ટકા કરતા પણ વધારે છે. આવીજ રીતે ગ્રીસનું દેવું પોતાની જીડીપીને પાર કરીને ૧૪૨ ટકા સુધી પહોંચી ગયું છે. ઈટાલીનું દેવુ પોતાના જીડીપીની સરખામણીમાં ૧૧૯ ટકા સુધી પહોંચી ગયું છે. જર્મનીનું દેવુ ટકા જીડીપીની દ્રષ્ટિએ ૮૪ ટકા અને ફ્રાન્સનું દેવુ ૮૧ ટકા તથા હંગેરીનું દેવુ ૮૦ ટકાની આસપાસ છે. ભારતની વાત કરવામાં આવે તો સ્થિતિ ખૂબ જ સાનુકુળ છે. અન્ય દેશો કરતા ભારતની સ્થિતિ સારી છે.

આજે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાગટ્ય દિવસ

જગતગુરુ શ્રી વલ્લભભાચાર્યના પૂર્વજો આંધ્રપ્રદેશમાં નિવાસ કરતા હતા. પિતા શ્રી લક્ષ્મણ બાલમ ભટ્ટજીને માતા ઇલ્લામાગારૂજીની કુખે સંવત ૧૫૩૫ ના ચૈત્ર વદ-૧૧ ને રવિવારના શુભદિને વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય ચંપારણ્યમાં થયું હતું. આચાર્ય અને શુભસંકેતની બાબત એ હતી કે તે જ દિને રાજસ્થાનમાં શ્રી ગીરીરાજ ઉપર શ્રીનાથજીના મુખારવિંદનું પણ પાકટ્ય થયું હતું. શ્રી વલ્લભાચાર્યજી એ અગિયાર

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી વિચરિત

નવરત્ન

આત્મનિવેદન કર્યા પછી કયારેય ચિંતા કરવી નહિ,
શ્રી કૃષ્ણ કૃપાળુ તેથી જીવની લૌકિક ગતિ કરશે નહિ.
તાદેશીજનો સાથે મળી સમરો સર્વ પ્રકારે નિવેદન,
સર્વના સર્વેશ્વરક સર્વાત્મા સ્વેચ્છાએ કરશે તમામ.
પ્રભુનો સંબંધ સર્વ સાથે ન એકથી તે છે સ્થિતિ,
સ્વયં નિવેદી તેમ એ ચિંતા શી? વિનિયોગ અન્યમાં.
અજ્ઞાન અથવા જ્ઞાનથી જેણે આત્મનિવેદન કર્યું,
શ્રીકૃષ્ણમાં પ્રોયા પ્રાણ પોતાના તેને શું હોય ચિંતા?
શ્રી પુરૂષોત્તમમાં નિવેદન કર્યેથી સર્વે ચિંતાઓ ત્યજવી,
શ્રી હરિ સર્વ સમર્થ છે ચિંતા ન ઘરવી વિનિયોગમાં.
ભગવાન જો ન થવા દે સ્વસ્થ લૌકિક વૈદિક મારગે,
પુષ્ટિમાર્ગમાં શ્રી હરિ અચળ જાણી રહો બધા સાક્ષીરૂપ.
સેવા કરવી ગુરૂ આજ્ઞાનુસાર તજો ચિંતા વિપરિત હરેચ્છા,
ચિત્તને સમર્પી સેવામાં રહેવું તત્પર વિધાય સુખે સર્વદા.
ઉદ્વેગ થાય કદી ચિતમાં તો જે કંઇ કરશે શ્રી હરિ,
લીલા તે પ્રભુતણી જાળી તત્કાળ ચિંતા છોડવી.
સર્વાત્મભાવથી હંમેશાં વદવુ શ્રીકૃષ્ણ શરણં મમ,
સતત એ રટતા રહેવું એવી મારી છે સમજ.

ભાવાનુવાદ : સુમંતભાઇ મં. શાહ

વર્ષની ઉંમરે પોતાનો સઘળો વિદ્યાભ્યાસ પુરો કર્યો હતો. કાશીના વિદ્વાન પંડિતો તેમને બાલ સરસ્વતી તરીકે સંબોધતા હતા. સરસ્વતી અને સુભદ્રા તેમની બે બહેનો હતી. તેઓશ્રી એ વેદ, પુરાણો, શ્રીમદ્ ભાગવત ઇત્યાદિનો નાની ઉંમરે ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. તેમના પૂર્વજો - વંશપરંપરાથી ખાસ જાણવા લાયક બાબત એ છે કે શ્રી લક્ષ્મણ ભટ્ટજીના પૂર્વજો એ ૯૫ સોમયજ્ઞો કર્યા હતા. શ્રી લક્ષ્મણભટ્ટજી એકમો સોમયત્રો પુરા થતાં સવા લાખ બ્રાહ્મણોને જમાડવાના સંકલ્પ સાથે પોતાનું વતન છોડી કાશી ગયા હતા. તેઓ ગોપાલ કૃષ્ણની ભક્તિ કરતા ઉમદા ચારિત્ર્યવાન વિદ્વાન બ્રાહ્મણો હતા.

શ્રી વલ્લભે તેમના ગુરુ શ્રી માધવેન્દ્રયતિ પાસે ષડદર્શનનો અભ્યાસ કર્યો હતો. તેઓની વિદ્વત્તા અને વાકચાતુર્ય અદ્વિતિય હતા. તેથી તેમને ખૂબ જ નાની વયે બાલ સરસ્વતી અને વાક્પતિ એમ બે બિરૂદ પ્રાપ્ત થયાં હતા. ભારતમાં પરિભ્રમણ દરમિયાન તેઓ નગરની બહાર નદી કે તળાવ નજીક બાગ કે ઉપવન જેવાં સ્થળોએ મહદંશે નિવાસ કરી તેમના સેવકો - ભક્તો - વૈષ્ણવોને ઉપદેશ આપતા હતા; તો કોઈ વખત કોઈ ભક્ત - સેવક એવા ગૃહસ્થના ત્યાં પણ નિવાસ કરતા હતા. શ્રી વલ્લભે શુધ્ધાદ્વૈત બ્રહમવાદના તત્ત્વજ્ઞાનનો પ્રચાર, પ્રસાર તેમજ તેના સિધ્ધાંતોનું પ્રતિપાદન કરી માયાવાદનું ખંડન કર્યું હતું. તેઓશ્રીનો બે વખત કનકાભિષેક થયો હતો, પરંતુ તેઓશ્રીએ સુવર્ણનો સ્વીકાર કર્યો ન હતો. તેઓએ તેમાં

વપરાયેલા સુવર્ણને સ્નાન જવળતૂ અશુધ્ધ ગણીને તે સ્વીકાર્યું ન હતું.

તેઓશ્રીને ભગવાન શ્રીકૃષ્ણની સાક્ષાત આજ્ઞા થતાં તેઓએ લગ્ન કરવાનું સ્વીકાર્યું હતું. તેઓશ્રીનાં શુભલગ્ન સંવત ૧૫૫૮ ના અષાઢ સુદ પાંચમે શ્રી દેવેન ભટ્ટ અને શ્રીમતી અમિજતા ભટ્ટની સુપુત્રી મહાલક્ષ્મીજી સાથે થયાં હતા. તેમને શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલેશજી (શ્રી ગુસાંઇજી) નામે બે સુપુત્રો હતા. જેઓ બંનેએ પૃષ્ટિ સંપ્રદાયનો પાયો સુદૃઢ કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

શ્રી વલ્લભાચાર્યજી એ તેમના પત્રાવલંબન ગ્રંથમાં માયાવાદનું ખંડન કરી શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિધ્ધાંતોનું પ્રતિપાદન કર્યું હતું. તેઓશ્રીએ આ ગ્રંથને કાશીમાં કાશીવિશ્વનાથ મંદિરનાં બ્રાહ્મણ પર ચોંટાડી પ્રસિધ્ધ કર્યો હતો, જેનો આશય માયાવાદીઓને નિરૂત્તર કરવાનો હતો. જગન્નાથપુરીમાં ગંજપતિ પુરૂષોત્તમ રાજાએ પરિસંવાદ સભાનું આયોજન કર્યું હતું. તેમાં થયેલ ચર્ચા - વાદવિવાદ બાદ સર્વાનુમતે નિર્ણય પર આવવા ચાર પ્રશ્નો રજૂ થયા હતા. આ સભામાં અંતમાં ભગવાન જગન્નાથના નિર્ણય મુજબ (૧) ગીતા એક માત્ર શાસ્ત્ર છે. (૨) એક માત્ર દેવ દેવકી પુત્ર શ્રીકૃષ્ણ છે. (૩) જીવે જપ કરવા લાયક મુખ્ય મંત્ર શ્રીકૃષ્ણનું નામ છે. (૪) જીવનનું મુખ્ય કર્મ શ્રીકૃષ્ણની સેવા છે. આ ચર્ચાસભાની નોંધ ગોર કૃષ્ણજીના ચોપડામાં પ્રમાણિત કરવામાં આવી છે. જેમાં શ્રી વલ્લભાચાર્યજી તેમજ તેમના સુપુત્રો શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજીની તે પ્રમાણિત કરવા બદલની સહીઓ - હસ્તાક્ષર છે.

શ્રી વલ્લભાચાર્યજીએ શુધ્ધાદ્વૈતના સિધ્ધાંતો સમજાવતા ૧૬ લઘુગ્રંથ - સ્તોત્રની સંરચના કરી હતી. જે ષોડશગ્રંથ તરીકે પ્રસિધ્ધ છે. તેઓએ લખેલા ભાષ્યગ્રંથનું નામ અણુભાષ્ય છે. તેઓએ મધુશષ્ટક ખૂબ જ પ્રસિધ્ધ અને નોંધપાત્ર છે. તેઓશ્રીએ આપેલ શ્રીકૃષ્ણ : શરમણં મમ એ મહામંત્ર શુધ્ધાદ્વૈત - પુષ્ટિ માર્ગીય સંપ્રદાયમાં ખૂબ જ મહત્ત્વનો છે. વૈષ્ણવોને સમર્પણ આપતાં પહેલાં આ નામ મંત્ર આપવામાં આવે છે. આ નામ મંત્ર સેવા ભક્તિભાવને સુદૃઢ કરી આત્મોન્નતિ અને શ્રીકૃષ્ણનાં ચિત્ત સ્થિરતા સ્થાપી દૃઢ બીજભાવથી આયુજય સાધવામાં ઉપકારક નીવડે છે. શ્રી વલ્લભાચાર્યજીએ પુરણમલ ક્ષત્રિયે બંધાવેલ નવા મંદિરમાં શ્રીનાથજી ભગવાનને પાટે સ્થાપી તેમની સેવાનો અધિકાર

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી વિરચિત

ભક્તિવર્ધિની

ભક્તિની ઘણી વૃધ્ધિ થાય તેનાં સાધન-ઉપાય નિરૂપેલ છે,
ત્યાગ, કથા શ્રવણ, કિર્તનથી બીજભાવ દૃઢ થતાં ભક્તિ દૃઢ થાય છે.
ઘરમાં નિસગાં સ્વધર્મમાં સ્થિર રહી કરવો દૃઢ બીજભાવ,
એકાગ્રતાપૂર્વક સમજીને શ્રીકૃષ્ણનું પૂજા-શ્રવણ ઇત્યાદિથી કરવું ભજન.
સદા શ્રીહરિને ચિત્તમાં ધરી લૌકિક સંગ વખતે પણ શ્રવણ વગેરે કરવું,
તેનાથી પ્રેમ, આસક્તિ અને વ્યસન થતાં બીજભાવ દૃઢ કરવો.
જેનો નાશ પણ થતો નથી તે બીજભાવ દૃઢ થાય છે તેમ શાસ્ત્ર કહે છે,
સ્નેહથી રાગનો થાય નાશ તેમ અસક્તિથી ઘરમાં અરૂચી થાય છે.
બાધકતત્વ ઘરમાં રહેનારાઓમાં જણાતાં અનાત્મતા લાગે છે,
શ્રીકૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ તે ખરેખર થાય છે કૃતાર્થ.
એવી વ્યક્તિએ પણ સતત ઘરમાં રહેવું તે છે વિનાશકારક,
ઘરનો ત્યાગ કરીને માત્ર તેને જ પામવાર્થે ચિત્તધરી કરે પ્રયત્ન.
તે પ્રાપ્ત કરે ઘણી જ દૃઢ અને સર્વથી અધિક ઉત્તમ ભક્તિ.
ઘરના ત્યાગથી, દૂષ્ટ સંગથી ને અન્નને કારણે વિઘ્ન આવે છે ઘણાં.
તેથી શ્રીહરિના સ્થાનમાં થોડે દુર અથવા થોડાક વધારે દૂર,
તેમનામાં આસકત સેવકો સાથે ચિત્તમાં દોષ ન આવે તેમ રહેવું.
સેવામાં કે કથામાં જેને જીવે ત્યાં સુધી દૃઢ આશક્તિ હોય,
તેના ભાવનો કોઇ પણ પ્રસંગે નાશ નથી તેવી માન્યતા છે મારી.
વિઘ્ન સંભવે ત્યારે તો રહેવાનું ઇચ્છાવ ાયોગ્ય નથી એકાંતમાં,
કિંતુ શ્રીહરિ સર્વે તરફથી રક્ષણ કરશે નથી સંશય તેમાં.
આવા પ્રકારે ગૂઢ તત્ત્વવાળું કહ્યું છે ભગવાનનું શાસ્ત્ર સંપૂર્ણ.
જે આનો સારી રીતે અભ્યાસ કરશે તેને થશે ભગવાનમાં દૃઢ સ્નેહ.
શ્રી વલ્લભાચાર્યજી વિરચિત ભક્તિવર્ધિની થયું સંપન્ન.

ભાવાનુવાદ : સુમંતભાઇ મં. શાહ

વ્રજના બંગાળી બ્રાહ્મણોને આપ્યો હતો. જીવને બ્રહ્મસંબંધ આપી વૈષ્ણવ બનાવવાની આજ્ઞા સાક્ષાત ભગવાને શ્રી વલ્લભાચાર્યજીને આપી હતી. તે આજ્ઞા સમજાવવા તેઓશ્રીએ 'સિધ્ધાંત રહસ્યં' નામે ગ્રંથ રચ્યો હતો. તેમના મત મુજબ જગતનું સ્વરૂપ સત્ય છે. જીવ બ્રહ્મનો અંશ છે. અહંતા, મમતા, અને કર્મનાં બંધનો - આવરણો જીવને લાગેલ છે. તેમાંથી ઉગારવા પુષ્ટિ - સેવામાર્ગ દ્વારા ઇશ્વરનાં ચરણોમાં સમર્પિત જીવન જીવવા બ્રહ્મ સંબંધ આપી સેવા માર્ગ પરિભ્રમણ દરમિયાન અ